For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## આઝાદી પર્વની પૂર્વ સંધ્યા સુધી ત્રિરંગાની ખરીદી જોવા મળી



■ આજે સમગ્ર દેશ આઝાદીના પર્વની ઉજવણી કરશે તે પૂર્વે મોડી સાંજ સુધી ત્રિરંગાની ખરીદી જોવા મળી હતી. **(તસવીર : સતીષ જાદવ)**

# સાપુતારા વિસ્તારમાં બે વખત ધરા ધ્રૂજતા ગભરાટ

**રિક્ટર** સ્કેલ પર ૩.૫ અને ૩.૪ની તીવ્રતાના આંચકા, નાશિકના કલવણ નજીક કેન્દ્ર બિંદુ નોંધાયું

**અચાનક** આંચકા અનુભવાતાં સ્થાનિકો અને પ્રવાસીઓમાં ફેલાઇ ચિંતા

સાપુતારા : મહારાષ્ટ્રનાં નાસિક જિલ્લાનાં ગામડાઓ સહીત પ્રવાસન સ્થળ સાપુતારા અને તેની આસપાસના સરહદી વિસ્તારોમાં ૧૪ ઓગસ્ટ ૨૦૨૬, શુક્રવારના રોજ મોડી રાત્રે અને વહેલી સવારે ભૂકંપના બે હળવા આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS)ના અહેવાલ મુજબ, પ્રથમ આંચકો મધ્યરાત્રિએ ૧૨:૦૫:૫૯ વાગ્યે અનુભવાયો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૫ નોંધાઈ હતી અને તેનું કેન્દ્રબિંદુ જમીનથી ૫ કિલોમીટર ઊંડાઈએ સ્થિત હતુ. ત્યારબાદ સવારે ૦૫:૩૨:૩૯ વાગ્યે ૩.૪ ની તીવ્રતાનો બીજો આંચકો અનુભવાયો હતો, જેની ઊંડાઈ ૩ કિલોમીટર હતી. આ ભૂકંપનું મુખ્ય કેન્દ્રબિંદુ ડાંગ સરહદ નજીક આવેલા મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના સુરગાણા તાલુકાના કલવણ ગામ આસપાસ નોંધાયું હતુ. આ આંચકાઓને કારણે લોકોમાં ડર અને ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો, જેના લીધે ઘણા નાગરિકો રાત્રિના સમયે ઘરની બહાર દોડી આવ્યા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ડાંગ-સાપુતારા ક્ષેત્ર ભૂકંપની દ્રષ્ટિએ સંવેદનશીલ ઝોનમાં આવે છે, જ્યાં સમયે-સમયે આ

...અનુસંધાન પાના 7 પર

## રેગિંગના આક્ષેપો વચ્ચે ડીન અને HODની ભૂમિકા સામે ફરી સવાલો ઉઠ્યા

# ડો. હર્ષ રેગિંગની ફરિયાદ કરતો હતો છતાં રિપોર્ટમાં કેમ ઉલ્લેખ નહીં?

**નવ** રેસિડેન્ટ સાથે થતા રેગિંગના વિરોધમાં ડો.હર્ષ આગળ આવી ફરિયાદ કરતો હતો, પરંતુ ફેકલ્ટી સાંભળતા નહોતા

સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં રેસિડેન્ટ ડોક્ટર ડો. હર્ષ પંડ્યાના આપઘાત બાદ રેગિંગના આક્ષેપોને લઈને મેડિકલ કોલેજના ડીન ડો. બ્રહ્મભટ્ટ અને સંબંધિત વિભાગના HODની ભૂમિકા અંગે ફરી શંકા તેજ બની છે. ખાસ કરીને ડો. હર્ષ પોતે જ સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો દ્વારા પોતાને અને તેની સાથેના જુનિયર

...અનુસંધાન પાના 7 પર

### કમિટી રિપોર્ટ અંગે ડીન ડો.જયેશ બ્રહ્મભટ્ટ બોલતા નથી, સુપરિન્ટેન્ડેન્ટ ડો.પારૂલ વડગામા પણ કંઈ જાણતા નથી?

નવી સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ ડોક્ટર હર્ષ પંડ્યાના આપઘાત કેસમાં રેગિંગના ગંભીર આક્ષેપો વચ્ચે મેડિકલ કોલેજના ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટના મીડિયા સાથેના વલણને લઈને પણ સવાલો ઊભા થયા છે. ડીન ન ઓફિસે મળે છે ન તો ફોન ઉપાડે છે. કોલેજમાં રેગિંગની આટલી મોટી ઘટના માટે

...અનુસંધાન પાના 7 પર

### એન્ટિ-રેગિંગ કમિટીની કામગીરી સામે સવાલ, 21 સભ્યની કમિટી, 26 સભ્યની સ્ક્વોડ છતાં વર્ષોથી રેગિંગ સામે કાર્યવાહી નહીં!

વિશ્વસનીય સૂત્રોએ માહિતી અપાઈ હતી કે, સરકારી મેડિકલ કોલેજની એન્ટિ-રેગિંગ કમિટીમાં ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટ, મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. પારૂલ વડગામા, ઓપ્થેલ્મોલોજી વિભાગના વડા ડો. પ્રતિ કાપડિયા સહિત કુલ 21 સભ્યોનો સમાવેશ થાય છે.

...અનુસંધાન પાના 7 પર

# પતિએ પત્નીના પેટમાં લાત મારતા ત્રણ માસનો ગર્ભ પડી ગયો

**ગોપીપુરા** મોમનાવાડના પતિએ પરસ્ત્રીના પ્રેમમાં પત્ની પર અત્યાચાર ગુજાર્યો

સુરતઃ મોમનાવાડમાં રહેતી પરિણીતાના પેટ પર પતિએ લાત ગર્ભપાત થઇ ગયો હતો. એટલું જ નહીં તે કપડા લેવા સાસરે ગઇ ત્યાર પતિએ ગળુ દબાવી મારી નાંખવાની અને એસિડ ફેંકવાની ધમકી આપતા પતિ સામે પોલીસ ફરિયાદ દાખલ થઇ છે

ગોપીપુરા મોમનાવાડ અસરફી ગલી ખાતે રહેતી ૨૦ વર્ષીય શિફાબાનુના નિકાહ ત્રણ વર્ષ પૂર્વે સદામ નાસિર પઠાણ સાથે થયા હતા.

લગ્નજીવન દરમિયાન તેઓને સંતાનમાં બે વર્ષનો માસૂમ દીકરો મહંમદ અલી છે. એકાદ વર્ષ સુખી લગ્નજીવન વિતાવ્યા બાદ પતિને મીઠીખાડી ખાતે રહેતી આફરીન નામની સ્ત્રી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. જેની જાણ પત્નીને થઇ જતાં પતિએ સુધરવાને બદલે પત્ની પર શારીરિક તથા માનસિક ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું.ગત તારીખ ૦૮/૦૮/૨૦૨૬ના રોજ પતિ બીમાર પડતા સારવાર અર્થે હોસ્પિટલ જતી વેળાએ શિફાબાનુએ સાથે આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તે સમયે પતિ સદામે "તારી કોઈ જરૂર નથી, હું આફરીનને લઈને જતો રહીશ" તેમ કહી અપમાનિત કરી કાઢી મુકતા તે ભેસ્તાન આવાસ ખાતે પોતાના પિયરમાં માતા-પિતા પાસે ચાલી ગઈ હતી. ત્યારબાદ તા. ૧૦/૦૮/૨૦૨૬ના રોજ સાંજે ૭:૦૦ વાગ્યે શિફાબાનુ પોતાની મોટી બહેન નાજમીનબાનુ સાથે સાસરીમાં પોતાના કપડાં લેવા ગઈ હતી. તે સમયે પતિ સદામે ઝઘડો કરી નાલાયક ગાળો ભાંડી હતી અને ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં, શિફાબાનુ ત્રણ માસનો ગર્ભ ધરાવતી હોવાની જાણ હોવા છતાં ક્રૂર પતિએ તેને નીચે પાડી તેના પેટમાં સખત લાતો મારી દીધી હતી.

ત્યારબાદ તેને પેટમાં અસહ્ય દુખાવો ઉપડતાં માતા તેને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઇ ગઇ હતી હતી, જ્યાં તબીબોએ સોનોગ્રાફી કરતા ગર્ભસ્થ શિશુ મૃત જાહેર થયું હતું. ત્યારબાદ પણ પતિએ તેના પર એસિડ ફેંકવાની ધમકી આપી હતી. પીડિતાની ફરિયાદના આધારે નરાધમ પતિ સદામ નાસીર પઠાણ રહે, અસરફી ગલી, મોમનાવાડ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસીપી નકુમની તાત્કાલિક બદલી કરો : ગુજરાત હાઈકોર્ટ

**સિનિયર** અધિકારી એ જ જગ્યાએ રહેશે તો તાબાના કર્મચારીઓ નિષ્પક્ષ નિવેદન નહીં આપી શકે

અમદાવાદઃ સુરતમાં આરોપીઓને જાહેર રસ્તા પર માર મારવા અને તેમનું સરઘસ કાઢવાના ચકચારી પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટે આજે કડક વલણ અપનાવી સુરતના ડીસીપી રાજદીપસિંહ નકુમની તાત્કાલિક બદલી કરવાનો રાજ્ય સરકારને આદેશ કર્યો છે. સુઓમોટો જાહેરહિતની અરજીની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સુનિતા

...અનુસંધાન પાના 7 પર

### 'આવું વર્તન સ્વીકારી શકાય નહીં'

હાઈકોર્ટે ઘટનાની ગંભીરતા અંગે પણ આકરી ટકોર કરી હતી. જાહેર રસ્તા પર આરોપીઓને માર મારવાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હોવાથી લોકોમાં ભારે આઘાત સર્જાયો હોવાનું કોર્ટે નોંધ્યું હતું. કાયદો હાથમાં લેવાની આવી ઘટના ઉચ્ચ હોદ્દા પર રહેલા જવાબદાર પોલીસ અધિકારી પાસેથી અપેક્ષિત ન હોવાનું પણ ખંડપીઠે જણાવ્યું હતું. ઘટનામાં કોણ જવાબદાર છે અને કયા સંજોગોમાં આ સમગ્ર પ્રકરણ બન્યું તેની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી હોવાનું કોર્ટે સ્પષ્ટ કર્યું હતું.

### ૨૦૧૯ના પરિપત્ર છતાં સરઘસ કેમ?

કોર્ટ મિત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે આરોપીઓને જાહેરમાં સરઘસ કાઢવા, હાથકડી પહેરાવવા, દોરડાથી બાંધવા, જાહેરમાં માર મારવા, ઉઠક-બેઠક કરાવવા, ઘૂંટણીએ ચલાવવા કે જાહેરમાં માફી મંગાવવા જેવી કાર્યવાહી સામે રાજ્ય સરકાર અગાઉ જ સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરી ચૂકી છે. ૨૧ મે, ૨૦૧૯ના ગૃહ વિભાગના પરિપત્રમાં આરોપીઓની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેવી આવી કાર્યવાહી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૨૦૨૨માં ખેડામાં પણ આરોપીઓ સાથે જાહેરમાં ગેરવર્તણૂકનો બનાવ

...અનુસંધાન પાના 7 પર

## સુરતની સરકારી મેડિકલ કોલેજ જાણે રેગિંગ માટેનું મોટું 'ધામ'

# છેલ્લાં 10 વર્ષમાં રેગિંગની અનેક ઘટના, પરંતુ એકેયમાં તપાસ થઈ નથી!

**ઘટનાઓમાં** કામનું દબાણ, અંગત સંઘર્ષના કારણો આપી જવાબદારો છૂટી જાય છે

**કોલેજની** તપાસ અને તંત્રની માનસિકતા સામે અનેક સવાલો ઊઠી રહ્યા છે

સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલ અને તેની સાથે સંકળાયેલી સરકારી મેડિકલ કોલેજમાં રેસિડેન્ટ ડોક્ટરોના માનસિક સ્વાસ્થ્ય અને કામના વાતાવરણ અંગે ફરી ગંભીર સવાલો

...અનુસંધાન પાના 7 પર

### 2017નો ડૉ. ધવલ પરમાર કેસ: 24 કલાકની ડ્યુટી અને કથિત માનસિક-શારીરિક ત્રાસના આક્ષેપ

છેલ્લા દાયકાના શરૂઆતના અને સૌથી ગંભીર કેસોમાં 2017માં બનેલી ડો. ધવલ દિનેશ પરમારની ઘટના નોંધપાત્ર છે. સરકારી મેડિકલ કોલેજમાં સર્જરીના PG અભ્યાસ સાથે જોડાયેલા 24 વર્ષીય ડો. ધવલ પરમારે નવી સિવિલ હોસ્પિટલના બાંધકામ હેઠળના બિલ્ડિંગ પરથી ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હતું. આ કેસમાં તેમના પિતાની ફરિયાદના આધારે ડીન સહિત પાંચ ડોક્ટરો સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણા અને SC/ST કાયદા હેઠળ ગુનો નોંધાયો હતો. ફરિયાદમાં

...અનુસંધાન પાના 7 પર

### 2018: એનેસ્થેસિયા વિભાગના ડૉ. વૈભવ સોનાવિયાનો કેસ

માર્ચ 2018માં નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં એનેસ્થેસિયોલોજી સાથે જોડાયેલા 26 વર્ષીય ડો. વૈભવ સોનાવિયાએ આત્મહત્યા કરી હતી. પોલીસને તેમના રૂમમાંથી મળેલી નોંધ અને તે સમયના અહેવાલો અનુસાર તેમની અંગત જિંદગીમાં આવેલા સંબંધસંબંધિત તણાવને મુખ્ય કારણ તરીકે જોવામાં આવ્યું હતું.

# તિરંગા યાત્રા માટે 5 દિવસથી રોડ બંધ રહેતાં આક્રોશ

**તિરંગા** યાત્રાના આયોજનથી સ્થાનિકો મુશ્કેલીમાં, મહિલાનો વિડીયો વાયરલ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા 13મી ઓગસ્ટના રોજ વાય જંકશન ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ કાર્યક્રમની તૈયારીઓ અને સુરક્ષાના ભાગરૂપે તંત્ર દ્વારા જ્યાં-ત્યાં બેરિકેડિંગ કરીને વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવાતા સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દિવસ-રાત રોડ બંધ કરી દેવાતાં સ્થાનિકો પોતાના ઘરથી માત્ર 20 થી 30 મીટરના અંતરે હોવા છતાં ઘરે પહોંચી શકતા ન હતી. આ



આયોજનથી કંટાળેલી એક સ્થાનિક મહિલાએ સોશિયલ મીડિયા પર વિડીયો પોસ્ટ કરીને પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો, જે વિડીયો હાલ ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.

વાયરલ વિડીયોમાં મહિલાએ ભારે આક્રોશ સાથે તંત્ર અને ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી સામે સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, "હું દોઢ કલાકથી મારા ઘરની બહાર સામેની લેનમાં ઊભી છું અને ઘરમાં જઈ શકતી નથી. મારી ગાડી એક કિલોમીટર દૂર પાર્ક કરવી પડી છે અને 20 મીટર દૂર મારું ઘર હોવા છતાં હું ઘરે પહોંચી શકતી નથી અને વરસાદના કારણે હું પૂરી ભીંજાઈ ગઈ છું. છેલ્લા 5 દિવસથી આ રોડ બ્લોક કરી દેવાયો છે. શું આ બધું ગ્રાઉન્ડ પર નથી કરી શકાતું? દોઢ-દોઢ કલાકથી વિદ્યાર્થીઓ ઘરે નથી પહોંચી શકતા, બસો જઈ શકતી

...અનુસંધાન પાના 7 પર


અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M. 81539 99901
ગુજરાતમિત્ર

૨૦ મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ




સ્વ. વસંતલાલ રણછોડદાસ ઠક્કર (ખમણવાળા)
સ્વ.તા. ૧૫/૦૮/૨૦૦૬
આપનું જીવન અમારી પ્રેરણા છે, આપના આદર્શ અમારા માર્ગદર્શક છે. આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અને પરોપકારની ભાવના અમો આજીવન ભુલશું નહિ. જીવન એવુ જીવી ગયા કે કયારે ભુલાય નહીં, વિદાય એવી લીધી કે કદી વિસરાય નહિં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ. ગં.સ્વ. લલીતાબેન વસંતલાલ ઠક્કર
સ્વ.દિલીપ વસંતલાલ ઠક્કર (પુત્ર) | વિનોદ વસંતલાલ ઠક્કર (પુત્ર)
દિનેશ વસંતલાલ ઠક્કર (પુત્ર) | ગાયત્રી વસંતલાલ ઠક્કર (પુત્રી)
ભરત વસંતલાલ ઠક્કર (પુત્ર) | તથા સમસ્ત પરિવારના જય ભોલેનાથ
ફર્મ : સુરતી ખમણ હાઉસ (અંબાજીરોડ)
નિવાસ સ્થાનઃ ૯/૮૮૭, અંબાજી રોડ, ચોર્યાસી ડેરીની પાસે, સુરત.

"સંસ્કારના દીપથી પ્રકાશિત જીવન પથદર્શક એવા પૂજ્ય પપ્પાને ચતુર્થ પુણ્યતિથિએ પ્રેમાંજલિ"



સ્વ. જ્યોતીન્દ્ર ભગવાનદાસ લેખડિયા
સ્વ. તા. ૧૬.૦૮.૨૦૨૨
આપના ઉત્તમકાર્ય અને નિઃસ્વાર્થ સેવાથી સુશોભિત શાશ્વત સ્મૃતિ અમારા અંતઃકરણમાં અનંત પ્રજ્વલિત રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને મોક્ષપ્રાપ્તિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
સ્વ. મીનાક્ષીબેન જ્યોતીન્દ્ર લેખડિયા
ગાર્શિલ જ્યોતીન્દ્ર લેખડિયા (પુત્ર) – માયા ગાર્શિલ લેખડિયા (પુત્રવધુ)
કેતન જ્યોતીન્દ્ર લેખડિયા (પુત્ર) – જ્યોતિ કેતન લેખડિયા (પુત્રવધુ)
જસ્મીન જ્યોતીન્દ્ર લેખડિયા (પુત્ર) – નીતા જસ્મીન લેખડિયા (પુત્રવધુ)
ઈલા નલીનકુમાર કડીવાલા (પુત્રી) – સ્વ. નલીનકુમાર બળવંતરાય કડીવાલા (જમાઈ)
તથા સમગ્ર ભગવાનદાસ લેખડિયા પરિવાર

ૐ શાંતિ
॥ પ્રાર્થનાસભા ॥



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા સ્વજન રાજેન્દ્ર ઉત્તમરામ ગોળવાળા ઉર્ફે રાજુભાઈ તા. ૧૪/૦૮/૨૦૨૬ને શુક્રવારે સુરત મુકામે શ્રીજી ચરણ પામેલ છે.
સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૧૫/૦૮/૨૦૨૬ ને શનિવારે સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યે અમીધારા વાડી, યોગી કોમ્પલેક્ષની સામે, ન્યુ રાંદેર રોડ, અડાજણ રોડ મુકામે રાખેલ છે.
સ્વ. રાજેન્દ્ર ઉત્તમરામ ગોળવાળા (ઉ.વ. ૭૩)
સ્વ. તા. ૧૪/૦૮/૨૦૨૬
લિ.
ગં.સ્વ. મિનાક્ષી રાજેન્દ્ર ગોળવાળા (પત્ની)
CA કેયુર રાજેન્દ્ર ભગત (પુત્ર) | CA પલક કેયુર ભગત (પુત્રવધુ)
કવિતા આશિષ સીંગવાલા (પુત્રી) | ડો. આશિષ સીંગવાલા (જમાઈ)
ભૂમિકા મયુર કાબરાવાલા (પુત્રી) | મયુર કાબરાવાલા (જમાઈ)
નમ્રતા અભિજીત ગાંધી (પુત્રી) | અભિજીત ગાંધી (જમાઈ)
તથા સમસ્ત ગોળવાળા પરિવારના જય સ્વામિનારાયણ
(મો.) : ૮૨૩૮૨ ૫૪૯૮૪

॥ શ્રી ॥
સત્ કૈવલ સાહેબ
ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



એક ચહેરો દ્રષ્ટિમાંથી ભુલાય નહીં એક વ્યક્તિત્વ જે કયારે વિસરાય નહી. એક હૂંફ જે કયારેક મળે નહી. હવે મળે નહી જેમનું નામ હૃદયમાં અનંત ગુંજર કરે અને ફુલ બની આસપાસ મહેક્યા કરે. પુણ્યશાળી આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
ગં. સ્વ. રમણબેન ભગુભાઈ પટેલ | શ્રીકાન્તભાઈ (બાપાસીતારામ)
ભરતભાઈ ભગુભાઈ પટેલ | જીનલબેન શ્રીકાન્તભાઈ
ઈલાબેન ભરતભાઈ પટેલ | રવિભાઈ ભરતભાઈ પટેલ
નિતીનભાઈ ભરતભાઈ પટેલ | ખુશ્બુબેન રવિભાઈ પટેલ
ખુશ્બુબેન નિતીનભાઈ પટેલ | હેન્સ, વિહા, વેદ, રીવાન, ટ્રીજા, જીજ્ઞા
રાજેશ્રી ભદ્રેશભાઈ પટેલ-ભટાર
સ્વ. ઈશ્વરભાઈ છીમકાભાઈ પટેલ
જન્મ તા. ૧૦-૦૬-૧૯૫૪
મરણ તા. ૧૧-૦૮-૨૦૨૬
સોનારી ગામ

લેઉવા પાટીદાર અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઈશ્રી/પિતાશ્રી મહેન્દ્રકુમાર માધવભાઈ પટેલનું તા.૧૩-૦૮-૨૦૨૬ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદ્‌ગતનું બેસણું તા.૧૭-૦૮-૨૦૨૬ને સોમવારના રોજ બપોરે ૨ થી ૫ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)
શ્વસુર પક્ષ.
સ્વ. ડાહ્યાભાઈ બેચરભાઈ પટેલ
મુકેશભાઇ ડાહ્યાભાઇ પટેલ
મહેશભાઈ ડાહ્યાભાઈ પટેલ
મુ.પો.આસ્તા
લિ. સ્વ.પ્રવિણભાઇ માધવભાઈ પટેલ (મોટાભાઈ)
ચિરાગકુમાર પ્રવિણભાઇ પટેલ.
જેનીશ પ્રવિણભાઇ પટેલ
દિવ્યા રાજેશ પટેલ.
અંકિતા રાજીવ પટેલ (પુત્રી)
સ્વ.મહેન્દ્રકુમાર માધવભાઈ પટેલ
સ્વ.તા.૧૩-૦૮-૨૦૨૬
નિવાસ સ્થાન : મુ.પો. વિહાણ, તા. કામરેજ, જી.સુરત

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



હસતા રમતા આમ કયાં ચાલ્યા ગયા,
હાથ તાળી દઈને આમ કયાં ચાલ્યા ગયા !
હતી શું ઉતાવળ "કેદાર દાદા"
હજી તો શતક બાકી હતી ને
આમ એકલા ચાલ્યા ગયા !!
લિ.
"પ્રેષક"
સ્વ.નાનુગૌરી ભાલચંદ્ર ગોર પરિવાર
ઝાંપા ફળિયા, મુ.પો.ઓલપાડ, જી.સુરત
સ્વ. કેદારનાથ ભાલચંદ્ર ગોર
સ્વ.તા.૧૫/૦૮/૨૦૨૫

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સર્વસ્વનું સમર્પણ તમે પ્રભુ ચરણે કર્યુ
આનંદ પૂર્વક હસતા હસતા જીવન સાર્થક કર્યુ.
સમજણ ને સંતોષથી પ્રભુ વિશ્વાસે જીવન પૂર્ણ કર્યુ.
સૌને સેવા સમર્પણ નો રાહ બતાવી મહા પ્રસ્થાન કર્યુ....
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના..
લિ.
સ્વ. ગોરધનભાઈ મંગળભાઈ પટેલ
કિરીટકુમાર ગોરધનભાઈ પટેલ
ડૉ. વિનોદકુમાર ગોરધનભાઈ પટેલ
પ્રફુલભાઈ ગોરધનભાઈ પટેલ
અવિ વિનોદકુમાર પટેલ (કેનેડા)
ક્રિસ પ્રફુલભાઈ પટેલ
સ્વ. ચંદ્રીકાબેન ગોરધનભાઈ પટેલ
જન્મ તા. ૨૦.૨.૧૯૩૪
સ્વ. તા. ૧૫.૮.૨૦૨૪

હાર્દિક શ્રદ્ધાંજલિ



જન્મ પછી જો કંઈ નિશ્ચિત હોય તો તે છે મૃત્યુ, સુર્ય પણ રોજ ઊગે છે અને રોજ આથમે છે, પણ આપની હયાતી અમારી પ્રેરણા હતી, આદરણીય ભાવના, પરોપકારી વૃતિ, તમારા વાત્સલ્યની સુવાસ કયારેય ભુલાશે નહિ, દેહથી ભલે દુર થયા પણ આત્માથી હંમેશા અમારી સમીપ છો, આપના દિવ્ય અને પવિત્ર આત્માને પ્રભુ શાંતિ અર્પે એવી નમ્ર પ્રાર્થના સાથે હાર્દિક શ્રદ્ધાંજલિ.
લિ.
અશોકભાઈ રતનજીભાઈ પટેલ
રોહન અશોકભાઈ પટેલ
પ્રિયંક અશોકભાઈ પટેલ
અભિષેક અશોકભાઈ પટેલ
આરવ, સ્નેઝા, આરાધ્યા, શિવાર્થ
તથા સમસ્ત પરિવાર
સ્વ.નરેશભાઈ તનસુખભાઈ પટેલ
સ્વ.તાઃ૧૩/૦૮/૨૦૨૬
સ્થળ : રૂંઢ મગદલ્લા, વૃંદાવન સ્ટ્રીટ, સુરત.

અગ્યારમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



વ્હાલા પપ્પા, આપ જીવનભર કઠોર પરિશ્રમ કરી નિષ્ઠાપૂર્વક સાદગીભર્યું જીવન જીવ્યા, ધાર્મિક વિચારો અને મજબૂત મનોબળ થકી કર્મને જીવનમંત્ર ગણી પરિવારને સમૃદ્ધ બનાવ્યો, આપના આશીર્વાદ વરસતા રહે તેમજ પ્રભુ આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ છીએ.
લિ.
વિજયભાઈ કેશવભાઈ પટેલ | નીતાબેન વિજયભાઈ પટેલ
પિયુષભાઈ કેશવભાઈ પટેલ | સ્વ. નીશાબેન પિયુષભાઈ પટેલ
રાજેશભાઈ કેશવભાઈ પટેલ | કામિનીબેન રાજેશભાઈ પટેલ
હસમુખભાઈ ભીખાભાઈ પટેલ | શોભનાબેન હસમુખભાઈ પટેલ
સતીશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ભારતીબેન સતીષભાઈ પટેલ
જય રાજેશભાઈ પટેલ | આયુષી જય પટેલ
સમસ્ત પટેલ પરિવારના જયશ્રીકૃષ્ણ
સ્વ. કેશવભાઈ ભાણાભાઈ પટેલ
સ્વ. તા. ૧૬-૦૮-૨૦૧૫
3, પટેલ પ્રકાશ સોસાયટી, પ્રાઈમ આર્કેડ પાસે, અડાજણ, સુરત

૨૨મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



અંજલી અર્પણ કરીએ તો આંસુ સારે છે,
તસ્વિર તમારી જોતા હૈયુ રડે છે.
દરિયા જેવું નિખાલસ હદય, કુટુંબ સાથેનો
આપનો અતુટ નાતો કાયમી સંભારણું બની રહેશે.
ઈશ્વર તમારા દિવ્ય આત્માને શાંતી આપે
એજ પ્રાર્થના
લિ.
પ્રકાશસિંહ તખતસિંહ વાંસીયા (usa)
રેખાબેન પ્રકાશસિંહ વાંસીયા (usa)
સ્વ. અમરસિંહ ભીલાભાઈ ચૌધરી
સ્વ. તા. ૧૫-૦૮-૨૦૦૪
મુ.પોસ્ટ બગુમરા તા. પલસાણા, જી. સુરત

૨૨મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે, એટલે જ તો મરણ કરતાં સ્મરણ વધુ યાદગાર બને છે. જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે.તમે ગયા ને વર્ષો થયા પણ તમારી યાદ સદૈવ જીવંત રહેશે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
ડૉ.દિપ્તીબેન તુષારભાઈ ચૌધરી
ડો.હેમાંગીનીબેન પ્રજ્ઞેશભાઈ ચૌધરી
અનુજાબેન તેજસભાઈ ચૌધરી
સ્વ.અમરસિંહ ભીલાભાઇ ચૌધરી
સ્વ. તા. ૧૫-૦૮-૨૦૦૪

૨૨મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



ચંદનની જેમ જીવનમાં આરંભથી અંત સુધી કાર્યરત રહી માનવતાની સુવાસ ફેલાવી આપે, કર્મયોગી જીવનનું દ્રષ્ટાંત પુરૂ પાડયું, સમાજસેવા, કુટુંબ વાત્સલ્ય, પ્રબળ પુરુષાર્થની ભાવના, અમારા જીવનમાં પથદર્શક બને એજ પ્રભુને પ્રાર્થના.
લિ.
ગ.સ્વ. ગજરાબેન એ.ચૌધરી
ડૉ.ધ્વનિ, ઉર્જા, કશિષ, નંદિની, નુપુર, પર્વ
સ્વ.અમરસિંહ ભીલાભાઇ ચૌધરી
સ્વ. તા. ૧૫-૦૮-૨૦૦૪